ગુજરાત વિધુત નિયંત્રક આયોગ
૬ઠો માળ,ગિફ્ટ વન,રોડ ૫-સી, ઝોન -૫, ગિફ્ટસીટી,
ગાંધીનગર,-૩૮૨૩૫૫, ગુજરાત, ૦૭૯-૨૩૬૦૨૦૦૦,
ફેક્સ : ૦૭૯-૨૩૬૦૨૦૫૪-૫૫, ઈ-મેઈલ-
gerc@gercin.org, Web-site : www.gercin.org

## બિન ઉપયોગી વાહનો (મારૂતિ એસ્ટીમ)ની જાહેર હરાજી

ગુજરાત વિધુત નિયંત્રક આયોગ, ગાંધીનગર દ્વારા તેમની માલિકીના ચાર વાહનો મારૂતિ એસ્ટીમ જાહેર હરાજીથી વેચાણ કરવાના છે, જેમાંથી ગાડી નં. જીજે-૧-જી-૩૬૪૨, જીજે-૧-જી-૪૪૭૭ અને જીજે-૧-જી-૪૪૭૮ હાલ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, વીઆઇપી ગેસ્ટ હાઉસ  ખાતે તેમજ ગાડી નં. જીજે૧-જી-૪૨૪૮ જે હાલ વિધુત લોકપાલશ્રીની કચેરી, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ખાતે જે તે હાલતમાં રાખવામાં આવેલ છે અને તે જ હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. જાહેર હરાજીને લગતી માહિતી નિયમો તથા શરતો કચેરીની વેબસાઇટ www.gercin.org ઉપર મુકવામાં આવેલ છે, હરાજીમાં ભાગ લેવા માટે રસ ધરાવતી વ્યક્તિઓએ વાહન દીઠ નીચે મુજબની ડિપોઝિટની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટથી ગુજરાત ઇલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, ગાંધીનગરના નામથી તા.:૨૮.૦૭.૨૦૧૮ સુધીમાં ચુકવવાની રહેશે. ડિપોઝિટની રકમ જમા કરાવ્યા વગરની કોઇપણ વ્યક્તિ હરાજીમાં ભાગ લઇ શકશે નહિ. જાહેર હરાજી તા.:૦૩.૦૮.૨૦૧૮, સવારે ૧૧:૩૦ વાગે ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, વીઆઇપી ગેસ્ટ હાઉસ  ખાતે તેમજ તા.:૦૩.૦૮.૨૦૧૮, સાંજે ૪:૦૦ વાગે વિધુત લોકપાલશ્રીની કચેરી, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. હરાજી મંજુર કરવાની આખરી સત્તા સંયુકત નિયામકશ્રી (વહીવટ અને હિસાબ)ને અબાધિત રહેશે.

| વાહન નંબર | અપસેટ કિંમત રૂ. | મોડેલ | ડીપોઝીટ |
|---|---|---|---|
| જીજે-૧-જી-૩૬૪૨ | ૨૪૦૦૦ | મારૂતિ એસ્ટીમ-૧૯૯૯ | ૬૦૦૦ |
| જીજે-૧-જી-૪૨૪૮ | ૨૪૦૦૦ | મારૂતિ એસ્ટીમ-૨૦૦૪ | ૬૦૦૦ |
| જીજે-૧-જી-૪૪૭૭ | ૪૧૦૦૦ | મારૂતિ એસ્ટીમ-૨૦૦૬ | ૧૦૨૫૦ |
| જીજે-૧-જી-૪૪૭૮ | ૪૦૦૦૦ | મારૂતિ એસ્ટીમ-૨૦૦૬ | ૧૦૦૦૦ |

અપસેટ કિંમતથી નીચે કિંમત સ્વીકારવામાં આવશે નહીં. વાહનો કચેરીના સમય દરમ્યાન ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, વીઆઇપી ગેસ્ટ હાઉસ  ખાતે તેમજ વિધુત લોકપાલશ્રીની કચેરી, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ખાતે જોવા મળશે.

Joint Director (Admin & Accounts)
Gujarat Electricity Regulatory Commission
Gandhinagar

# ગુજરાત વિધુત નિયંત્રક આયોગ

૬ઠો માળ,ગિફ્ટ વન,રોડ ૫-સી, ઝોન -૫, ગિફ્ટસીટી , ગાંધીનગર,-૩૮૨૩૫૫, ગુજરાત,
૦૭૯-૨૩૬૦૨૦૦૦, ફેક્સ : ૦૭૯-૨૩૬૦૨૦૫૪-૫૫
ઈ-મેઈલ- gerc@gercin.org, Web-site : www.gercin.org

## મારૂતિ એસ્ટીમ ગાડી નં. જીજે-૧-જી-૩૬૪૨, જીજે૧-જી-૪૨૪૮, જીજે-૧-જી-૪૪૭૭ અને જીજે-૧-જી-૪૪૭૮ની હરાજીના નિયમો અને શરતો

૧. મારૂતિ એસ્ટીમ ગાડી નં. જીજે-૧-જી-૩૬૪૨, જીજે-૧-જી-૪૪૭૭ અને જીજે-૧-જી-૪૪૭૮ની હરાજી થર્મલ પાવર સ્ટેશન, ગાંધીનગર ખાતે તા.:૦૩.૦૮.૨૦૧૮ સમય ૧૧.૩૦ સવારે પછી ગાડી નં જીજે૧-જી-૪૨૪૮ વિધુત લોકપાલની કચેરી, આંબાવાડી, અમદાવાદ ખાતે તા.:૦૩.૦૮.૨૦૧૮ સમય સાંજે ૪.૦૦ વાગે રાખવામાં આવેલ છે.

૨. હરાજીમાં ભાગ લેનાર ઇસમે/પાર્ટીએ પોતાનું પુરુ નામ/પુરૂ સરનામું મોબાઈલ નંબર લેખીતમાં પુરાવા સહિત આપવાનું રહેશે.

૩. રસ ધરાવતી ઇસમ/પાર્ટીએ વાહન વેચાણની ડિપોઝિટ (વાહન દીઠ) નીચે દર્શાવેલ કોઠા મુજબ તા.:૨૮.૦૭.૨૦૧૮ સુધીમાં ભરવાની રહેશે.

| વાહન નંબર | અપસેટ કિંમત રૂ. | મોડેલ | ડીપોઝીટ |
|---|---|---|---|
| જીજે-૧-જી-૩૬૪૨ | ૨૪૦૦૦ | મારૂતિ એસ્ટીમ | ૬૦૦૦ |
| જીજે-૧-જી-૪૨૪૮ | ૨૪૦૦૦ | મારૂતિ એસ્ટીમ | ૬૦૦૦ |
| જીજે-૧-જી-૪૪૭૭ | ૪૧૦૦૦ | મારૂતિ એસ્ટીમ-૦૬ | ૧૦૨૫૦ |
| જીજે-૧-જી-૪૪૭૮ | ૪૦૦૦૦ | મારૂતિ એસ્ટીમ-૦૬ | ૧૦૦૦૦ |

રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ ગુજરાત ઇલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, ગાંધીનગરના નામથી ચુકવવાના રહેશે. આ રકમ ભરપાઈ કરેલ હશે તે જ હરાજીમાં ભાગ લઈ શકશે. લાગતા વળગતાની ડિપોઝિટની રકમ પરત કરવામાં આવશે.

૪. વાહનની હરાજી હાલ જેમ છે તે સ્થિતીમાં જ કરવામાં આવશે. આ અંગે કોઇ વાંધા/દાવો માન્ય રાખવામાં આવશે નહિં. જે રકમની ઓફર મંજૂર થાય તેમણે હુકમની તારીખથી દિન-૭ માં વાહન જે સ્થિતિમાં હશે તે જ સ્થિતિમાં જે તે સ્થળેથી વાહન ખરીદનારના ખર્ચે અને જોખમે લઈ જવાનું રહેશે.

૫. એકવાર હરાજીનો ભાવ નકકી થયા પછી, સૌથી વધુ રકમ પ્રમાણે હરાજી મંજુર થઈ ગયા બાદ તે રકમમાં ફેરફાર થઈ શકશે નહિ, તેવા સંજોગોમાં ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે નહિ.

૬. વાહનોની પુરેપુરી રકમ અત્રેની કચેરીની હિસાબી શાખામાં જમા થયા બાદ જ અસલ રજીસ્ટ્રેશન બૂકમાં વાહન માલિકીનું નામફેર કરવા યોગ્ય કાર્યવાહી માટેના આરટીઓમાં રજૂ કરવા અંગેના જરૂરી પેપર્સ સક્ષમ અધિકારીની મંજૂરી મળ્યા બાદ સહિં કરી આપવામાં આવશે. આરટીઓની કાર્યવાહી પૂરી થયા પછી વાહનનો કબજો સોંપવામાં આપવામાં આવશે. આ ઉપરાંત વાહન ખરીદનારે વાહનનો લાઇફટાઇમ ટેક્ષ, નામ ટ્રાન્સફર ફી, આ સિવાય અન્ય લાગુ પડતા કર ભરવાની સઘળી જવાબદારી ખરીદનારની રહેશે.

૭. અસાધારણ/અનિવાર્ય સંજોગોમાં હરાજી મંજૂર કરવાની કે નામંજુર કરવાની સત્તા સંયુકત નિયામકશ્રી (વહીવટ અને હિસાબ)ની રહેશે.

૮. નક્કી કરવામાં આવેલ અપસેટ કિંમત કરતાં ઓછી કિંમતના ભાવપત્રક બિલકુલ લક્ષમાં લેવામાં આવશે નહીં, તે આપોઆપ રદ થયેલ ગણાશે.

૯. જાહેર હરાજી/ અગર ઓફરથી જેના ભાવો સૌથી વધુ હશે તેઓએ તરત જ સ્થળ ઉપર ૨૫ ટકા રકમ હરાજીના દિવસે જમા કરાવવાની રહેશે. બાકીની રકમ હરાજી મંજૂર થયેથી દિન-૭ માં ભરવાની રહેશે. સદર રકમ નક્કી કરેલ સમય મર્યાદામાં ભરપાઇ ન થયે તમામ રકમ જપ્ત કરવામાં આવશે. જે પાર્ટી/ઇસમનાં ભાવ સ્વીકારવા પાત્ર બનેલ ન હોય, તેઓએ ડીપોઝીટની રકમ તુરત જ ચેકથી પરત મેળવી લેવાની રહેશે.

૧૦. હરાજીમાં રાખેલ વાહનોની ડીલીવરી લેતી વખતે સરકારી માલ મિલકતને નુકશાન થશે તો તે અંગે ખરીદનાર ઇસમ જવાબદાર રહેશે. નુકશાન થયેલ અંદાજીત ખર્ચની રકમ જે તે ખરીદનાર ઇસમે સંબંધિત અધિકારીશ્રીને રોકડેથી ચૂકવવાનાં રહેશે.

સંયુકત નિયામક (વહીવટ અને હિસાબ)
ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન,
ગાંધીનગર.